# સર્જનહારે શા માટે મનુષ્યોને જીવનમાં અસ્તિત્વ ધરાવે છે કે નહીં, તે પસંદ કરવાની તક ન આપી?

જો અલ્લાહ તેની સૃષ્ટિને જીવનમાં અસ્તિત્વમાં છે કે નહી તે પસંદ કરવાની તક આપવા માંગતો તો પછી, તેઓ પ્રથમ સ્થાને અસ્તિત્વમાં હતા. જયારે મનુષ્ય અસ્તિત્વમાં ન હોય ત્યારે તેમનો અભિપ્રાય કેવી રીતે હોઈ શકે? અહી મુદ્દો અસ્તિત્વ અને બિન-અસ્તિત્વનો છે. વ્યક્તિનો જીવન પ્રત્યેનો લગાવ અને તેના પ્રત્યેનો ડર એ આ નેઅમત પર તેની રજામંદીની સૌથી મોટી દલીલ છે.

જીવનની નેઅમતો એ મનુષ્ય માટે એક કસોટી છે કે જે સારા માણસને અલગ કરે છે.જે પોતાના રબથી ખુશ છે કે નારાજ છે. બસ ! સર્જનીઓ વિશે અલ્લાહની હિકમત આ પ્રમાણે છે કે તે એવા લોકોને અલગ કરે, જેમનાથી તે ખુશ છે. જેથી તેઓ આખિરતમાં તેમના પ્રતિષ્ઠિત જગ્યાના માલિક બને.

આ પ્રશ્ન સૂચવે છે કે શંકા, જો તે મનમાં રુટ લે છે, તો તેના વિશેના તાર્કિક વિચારને ખતમ કરી નાખે છે, અને તે કુરઆનની ચમત્કારિકતાના પુરાવાઓમાંથી એક છે.

જયાં અલ્લાહએ કહ્યું :

અને હું એવા લોકોને પોતાના આદેશોથી અળગા જ રાખીશ જેઓ દુનિયામાં ઘમંડ કરે છે, અને જો તેઓ દરેક નિશાનીઓ જોઈ પણ લે તો પણ તેના પર ઈમાન નહી લાવે અને જો તેઓ સત્ય માર્ગદર્શન જોઈ કે છે પરંતુ તેને અપનાવતા નથી, અને જો પથભ્રષ્ટતા નો માર્ગ જોઇ લે તો તેને પોતાનો તરીકો બનાવી લે છે, તેમની આ સ્થિતિ એટલા માટે છે કે તેઓ અમારી આયતોને જુઠલાવતા રહ્યા અને તેની અવગણના કરતા રહ્યા [૪૦] (અલ્ અઅરાફ: ૧૪૬).

આપણા માટે યોગ્ય નથી કે આપણે પાલનહારની હિકમતના જ્ઞાનને પોતાના અધિકાર માંથી એક સમજીએ, જેના વિશે આપણે માંગણી કરી રહ્યા છે, એટલા માટે આ બાબતથી રોક આપણા પર જુલમ નહી ગણાય.

જયારે અલ્લાહ આપણને જન્નતમાં અનંત આનંદમાં હંમેશા જીવનની તક આપશે, જે નેઅમતને કોઈ કાને સાંભળી નથી, કોઈ આંખે જોઈ નથી અને ન તો કોઈ માનવીના મનમાં તે આવી શકે છે, તો આમાં અન્યાય શું?

તે આપણને આપણા માટે નિર્ણય લેવાની સ્વતંત્ર આપે છે, તેથી આપણે તેને પસંદ કરીએ છીએ અથવા આપણે અઝાબને પસંદ કરીએ છીએ.

અલ્લાહ આપણને કહે છે કે આ આનંદ સુધી પહોંચવા અને યાતનાથી બચવા માટેના માર્ગ કયા છે અને ખૂબ જ સ્પષ્ટ રીતે માર્ગદર્શન આપે છે.

અલ્લાહ આપણને જન્નતના માર્ગનું અનુસરણ કરવા માટે વિવિધ રીતે પ્રોત્સાહિત કરે છે અને જહન્નમના માર્ગથી વારંવાર ચેતવણી આપે છે.

અલ્લાહ આપણને જન્નતના લોકોની વાર્તાઓ કહે છે, તેઓએ તેને કેવી રીતે પ્રાપ્ત કરી શક્યા અને જહન્નમના લોકોની વાર્તાઓ કહે છે, કે તેઓએ કેવી રીતે અઝાબને સહન કર્યો, જેથી આપણે કઈક નસીહત પ્રાપ્ત કરીએ.

તે આપણા માટે જન્નતના રહેવાસીઓ અને જહન્નમના રહેવાસીઓની વાતચીતનું વર્ણન કરે છે, જેથી આપણે પાઠને સારી રીતે સમજી શકીએ.

અલ્લાહ આપણને એક નેકીનો બદલો દસ ગણો આપે છે, અને ખરાબ કાર્યને એક જ તરીકે ગણે છે અને સારા કાર્યોમાં ઉતાવળ કરવા માટે કહે છે.

અલ્લાહ આપણને જાણ કરે છે કે જો આપણે ખરાબ કાર્ય કર્યા પછી કંઈક સારું કાર્ય કરી લેવું જોઈએ, તો પહેલાના ખરાબ કાર્યને પછીનું સારું કાર્ય ભૂંસી નાખશે, એટલે કે આપણે દસ નેકીઓ પ્રાપ્ત કરીશું, અને આપણા દુષ્ટ કાર્યોને છોડી દેવામાં આવશે.

તે આપણને એ પણ કહે છે કે તૌબા જરૂરી છે, તે ગુનાહો માટે જે તેનાથી પહેલા થઇ ચુક્યા છે, એટલા માટે ગુનાહોથી તૌબા કરવા વાળો એવો છે કે જાણે તેણે કોઈ ગુનોહ કર્યો જ નથી.

તદુપરાંત, અલ્લાહ સારા કાર્ય તરફ માર્ગદર્શન આપનારને તે સારુ કાર્ય કરનારની જેમ જ બદલો આપે છે.

તે આપણા માટે નેકીઓને પ્રાપ્તિ ખૂબ જ સરળ બનાવે છે, અને તેની સમક્ષ તૌબા કરીને (ક્ષમા માંગીને), ઝિક્ર અને તસ્બીહ (તેની પવિત્રતાનું વર્ણન) કરી આપણે મહાન નેકીઓ (પુરસ્કારો) મેળવી શકીએ છીએ, અને આપણે પોતાના પાપોથી વિના પ્રયાસે છૂટકારો મેળવી શકીએ છીએ.

તે આપણને કુરઆનના એક શબ્દ (પઢવાથી) દસ નેકીઓ આપે છે.

અલ્લાહ આપણને કંઇક સારું કરવાના માત્ર ઇરાદા પર જ સવાબ (બદલો) આપે છે, ભલે આપણે તે ન કરી શક્યા હોય, અને જયાં સુધી તે કાર્યમાં ન આવે ત્યાં સુધી તે ખરાબ કાર્યના ઇરાદા પર આપણને જવાબદાર ઠેરવતો નથી.

અલ્લાહ આપણને વધુ માર્ગદર્શન આપવાનું વચન આપે છે, આપણને સફળતા આપે છે અને જો આપણે ભલાઈ તરફ ઉતાવળ કરીએ તો આપણા માટે ભલાઈના માર્ગો સરળ બનાવે છે.

આમાં શું જુલમ છે?

વાસ્તવમાં, અલ્લાહ માત્ર તેના ન્યાય પ્રમાણે જ આપણી સાથે વ્યવહાર કરતો નથી; તેના બદલે, તે પોતાની દયા, ઉદારતા અને પરોપકાર અનુસાર આપણી સાથે વ્યવહાર કરે છે.

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://com2030.com/qa/gu/show/12/

Arabic Source: https://com2030.com/qa/ar/show/12/

Thursday 3rd of September 2026 08:55:46 PM